# રાજ્યમાં કોરોનાના નવા ૨૧૨ કેસ નોંધાયા

## કોરોનાનો સામાન્ય વધારો ઘટાડો જોવા મળી રહ્યો છે, અમદાવાદમાં એક દર્દીનું કોરોનાથી મોત થયું છે

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં કોરોનાનો સામાન્ય વધારો ઘટાડો જોવા મળી રહ્યો છે તેમજ રોજિંદા કેસ ૨૦૦થી ૩૦૦ વચ્ચે આવી રહ્યાં છે. ગુજરાતમાં કોરોનાના રોજિંદા સંક્રમિત દર્દીઓમાં સામાન્ય વધઘટ જોવા મળી રહ્યો છે. તેમજ કોરોનાને લઈ વહીવટી તંત્ર પણ સજાગ અને સજ્જ બન્યું છે તેમજ હોસ્પિટલમાં મોક ડ્રિલનું પણ આયોજન કરાઈ રહ્યું છે. આજે આરોગ્ય તંત્ર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલી માહિતી મુજબ આજે રાજ્યમાં કોરોનાના ૨૧૨ પોઝીટિવ કેસ નોંધાયા છે.

રાજ્યમાં કોરોના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમા ૨૧૨ કેસ નોંધાયા છે. અમદાવાદમા ૭૮ કેસ તેમજ વડોદરામાં ૩૨ સુરતમાં ૨૩ કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગરમાં ૧૯ કેસ નોંધાયા છે. મોરબીમાં ૧૧ તેમજ મહેસાણામાં ૯ કેસ નોંધાયા છે. આણંદમાં ૬ અને બનાસકાંઠામાં ૫ કેસ નોંધાયા છે. વલસાડમાં ૫ તેમજ કચ્છમાં ૪ અને અમરેલીમાં ૩ કેસ નોંધાયા છે.ભરૂચમાં ૩ અને રાજકોટમાં ૩ સાબરકાંઠામાં ૩ કેસ નોંધાયા છે તેમજ અમદાવાદમાં એક દર્દીનું કોરોનાથી મોત થયું છે

ગુજરાતમાં આજે કોરોનાના ૨૧૨ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૯૯ ટકા નોંધાયો છે. તેમજ આજે ૩૯૨ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. હાલ રાજ્યમાં ૧૯૩૨ કોરોનાના એક્ટિવ કેસ છે.

રાજ્યમાં કોરોનાથી માર્ચ અને અપ્રિલ મહિનામાં ૧૬ લોકોના મોત થયા છે. ૦૪ એપ્રિલના અમદાવાદના બોપલમાં રહેતા ૭૧ વર્ષીય વૃદ્ધનું મોત થયું છે. ૦૬ એપ્રિલના ગોમતીપુરના ૫૯ વર્ષીય યુવકનું મોત થયું હતું. ત્યારે ૦૮ એપ્રિલના એક જ દિવસમાં ત્રણ દર્દીના મોત થયા છે. ભાવનગરમાં પણ ૧ દર્દીનું મોત થયું છે. તો આજે અને ગઈકાલે અમદાવાદમાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. આમ અપ્રિલમાં ૭ અને માર્ચમાં નવ લોકોના કોરોનાથી મોત થયાં છે

# હવે, તલાટીની પરીક્ષા લગભગ ૩૦મીએ નિશ્ચિત

## તલાટીની પરીક્ષા ૩૦ એપ્રિલે જ આવે તેવા પૂરેપૂરા એંધાણ : તલાટીની પરીક્ષા માટે પોણા ચાર લાખ ઉમેદવારો રહેશે, તેમજ પરીક્ષા માટે ૫૭૦૦ જેટલા કેન્દ્રોની જરૂરિયાત છે

ગાંધીનગર,તા.૧૦

આગામી ૩૦ એપ્રિલેનાં રોજ તલાટીની પરીક્ષાને લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોલેજો પરીક્ષા કેન્દ્ર આપવા માટે તૈયાર છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફઝ ડૉ. ગિરિશ ભીમાણીનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે તલાટીની પરીક્ષામાં યુનિવર્સિટી કોલેજો આપવા તૈયાર છે. તેમજ સરકારના પરીક્ષા કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હંમેશા તત્પર હોય છે. ત્યારે તાજેતરમાં યોજાયેલી પરીક્ષાઓમાં પણ કોલેજો અપાઈ હતી.

તલાટીની પરીક્ષામાં સેન્ટરો બાબતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનાં મહામંડળના પૂર્વ પ્રમુખ પંકજ પટેલે કહ્યું કે, હસમુખ પટેલે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે સ્કૂલો બિલ્ડિંગ આપતી નથી. સ્કૂલો કેમ્સપ નથી આપતી આ વાત તદ્દન ખોટી છે. અમદાવાદમાં સ્કૂલો હંમેશા પરીક્ષાઓમાં સેન્ટર આપવા તૈયાર હોય છે. જે સ્કૂલો નથી આપતી તેનું પણ ચોક્કસ કારણ છે. અન્ય પરીક્ષામાં સ્કૂોને પરીક્ષા ખંડ ફાળવવા બાબતે પૈસા અપાય છે. ગૌણ સેવા મંડળની પરીક્ષામાં પૈસા અપાતા નથી. માત્ર ૭૦ રૂપિયા આ પરીક્ષામાં આપવામાં આવ્યા છે. સ્કૂલને લાઈટબિલ, ઝોરક્ષ ખર્ચ, પાણી ખર્ચ બધાનો ખર્ચ થાય છે. ત્યારે અમારો પ્રયાસ હોય છે કે ગેરરીતિ ન થાય.ગત રોજ શાંતિપૂર્ણ માહોલમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે તલાટી કમ મંત્રીની પરીક્ષાને લઈને પણ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તલાટી કમ મંત્રીની પરીક્ષાને લઈને પંચાયત સેવા પસંદગી મંડળના ઈન્ચાર્જ હસમુખ પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, એપ્રિલ મહિનામાં જ પરીક્ષા યોજવાનું આયોજન છે. આ માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્યમાં પંચાયત તલાટીની પરીક્ષા મામલે મંડળને પરીક્ષા કેન્દ્રો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. ત્યારે ૧૫ લાખ ઉમેદવારો માટેના પરીક્ષા કેન્દ્રો મેળવવા મુશ્કેલી પડી રહી છે. આ બાબતે જીલ્લા શિક્ષણાધિકારીએ ૨૫૦ શાળા કોલેજોને પત્ર લખ્યો છે. તેમજ પરીક્ષાખંડમાં ૩૦ પરીક્ષાર્થી બેસી શકે તેવી વ્યવસ્થા કરવા પત્ર દ્વારા જાણ કરાઈ છે. તેમજ સીસીટીવી, હવા ઉજાસ, પીવાના પાણીની વ્યવસ્થા કરવા પણ પત્ર માહિતી મંગાવવામાં આવી રહી છે. આ બાબતે એમ.એસ. યુનિવર્સિટીને પણ પત્ર મળ્યો છે. પરંતુ એક યુનિવર્સિટીના એક પણ વર્ગખંડમાં સીસીટીવી કેમેરા નથી. ત્યારે શાળા કોલેજો સાથે તબક્કાવાર બેઠકો કરી આયોજન કરવામાં આવશે.

# નડિયાદમાંથી ડુપ્લીકેટ હળદર બનાવવાની ફેકટરી ઝડપાઈ

## કેમિકલ અને કણકીનો લોટ મિક્સ કરીને ડુપ્લિકેટ હળદર બનાવવામાં આવી રહી હતી, પોલીસે મોટી માત્રામાં કેમિકલ અને નકલી હળદરનો જથ્થો જપ્ત કરી લીધો છે



ખેડા,તા.૧૦

ખેડા જિલ્લાના નડિયાદ શહેર પોલીસને મોટી સફળતા મળી છે. નડિયાદ મિલ રોડ પર ડુપ્લીકેટ દારૂ બનાવવામાં વપરાતા કેમિકલનો જથ્થો ઉતર્યો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે સરનામાંવાળી જગ્યા પર ચેકિંગ કરતા પોલીસને ડુપ્લીકેટ હળદર બનાવાતુ હોવાનું જોવા મળ્યુ હતુ. પોલીસે નકલી નકલી હળદર બનાવવાના આ રેકેટને ઝડપી લીધુ છે.આજકાલ ભેળસેળનો જમાનો છે. ચોખાથી માંડીને મસાલા અને દૂધ બધું શુદ્ધ છે તેની કોઈ ગેરંટી આપી શકાતી નથી. તમારા ઘરમાં જે હળદર આવે છે તેમાં કોઈ ભેળસેળ તો નથી ને, તે તપાસવું તમારા માટે મહત્વનું છે. ત્યારે આ તમામ વચ્ચે ખેડા જિલ્લાના નડિયાદમાંથી ડુપ્લીકેટ હળદર બનાવવાની ફેકટરી ઝડપાઈ છે.ફરી એક વખત નકલી હળદર બનાવવાનું કૌભાંડ ઝડપાયું છે. આ વખતે મસમોટું કૌભાંડ ખેડામાંથી ઝડપાયુ છે. પોલીસની રેડમાં સામે આવ્યું કે વિદેશમાં નકલી હળદર વેચવા માટેનું કારસ્તાન અહીંથી જ ચાલી રહ્યું હતું. હકીકતમાં પોલીસને નકલી દારૂ બનાવવાની માહિતી મળી હતી પણ જ્યારે પોલીસે રેડ કરી તો ત્યાં દારૂ નહીં પણ નકલી હળદર બનાવવામાં આવી રહી હતી. કેમિકલ અને કણકીનો લોટ મિક્સ કરીને ડુપ્લિકેટ હળદર બનાવવામાં આવી રહી હતી. પોલીસે મોટી માત્રામાં કેમિકલ અને નકલી હળદરનો જથ્થો જપ્ત કરી લીધો છે.



કોરોના હોસ્પિટલમાં મોકડ્રીલ કરવામાં આવી હતી. જેમાં સિવિલ કોરોના હોસ્પિટલમાં ૨ દર્દીને લઈને મોકડ્રીલ કરાઈ હતી.

# રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી

## સ્થાનિક હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ :૫ દિવસ કમોસમી વરસાદની આગાહી, અમદાવાદમાં ૧૧થી ૧૫ એપ્રિલ સુધી કાળઝાળ ગરમી પડશે

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાંથી માવઠાની આફત હજુ ટળી નથી. આવતીકાલથી રાજ્યમાં છૂટાછવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી સ્થાનિક હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. ગુજરાતમાં એક બાજુ ગરમી તો બીજી બાજુ કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતો માટે વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ૫ દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ અમદાવાદમાં ૧૧થી ૧૫ એપ્રિલ સુધી કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી છે. ગરમ-સૂકા પવનોની અસરથી આ ઉનાળામાં પહેલીવાર અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી છે. અમદાવાદ સહિત ૧૨ શહેરોમાં ગરમીનો પારો ૩૮ ડિગ્રીથી વધુ નોંધાયો છે. આગામી બે દિવસ ગરમીનું જોર રહેશે. એ પછી રાજસ્થાનમાં સક્રિય થયેલા સાઈકલોનિક સરક્યુલેશનની અસરથી રાજ્યના કેટલાક વિસ્તારમાં ૧૧થી ૧૩ એપ્રિલ વરસાદ પડી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૧થી ૧૫ એપ્રિલ સુધી યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગરમીનો પારો મહત્તમ ૪૧ ડીગ્રી સુધી જવાની શક્યતા છે, જેને લઈ એએમસીએ કામ વગર બહાર ન નીકળવાની સલાહ આપી છે. આરોગ્ય વિભાગની ટીમોને ગરમી સામે સંરક્ષણાત્મક પગલાં ભરવા આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમાં મોહંતીએ જણાવ્યું કે, દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં ઉદભવેલા સાઈકલોનિક સર્ક્યુલેશનના પગલે રાજ્યમાં ફરી કમોસમી વરસાદ પડવાની શક્યતા ઊભી થઈ છે. ગુજરાતમાં ૫ દિવસ કમોસમી વરસાદની આગાહી છે.

# રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં જીરુંના હાઈએસ્ટ ભાવ મળતાં ખેડૂતો ખુશખુશાલ

## જીરુંના પાકના ભાવ આ વખતે ૮૦૦૦ રૂપિયા સુધી મળતા જગતનો તાત ખુશ ખુશાલ થઈ ગયો હતો

રાજકોટ,તા.૧૦

જીરુંએ જગતના તાતને જલસા કરાવ્યા છે. રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં આજે જીરુંના પાકના હાઈએસ્ટ ભાવ મળ્યા હતા. ૨૦ કિલો જીરૂંના ભાવ આઠ હજાર બસો રૂપિયા સુધી ખેડૂતોને મળ્યા હતા. જે અત્યાર સુધીના સર્વોચ્ચ ભાવ હોવાનું ખેતી નિષ્ણાતો માની રહ્યા છે. રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં આજે સવારે દૂરથી દૂરથી ખેડૂતો પોતાનો જીરાનો પાક લઈને પહોંચ્યા હતા. આજે બેડી માર્કેટિંગ યાર્ડમાં છ હજાર કવિંટલ જીરુંની આવક થઈ હતી. બેડી માર્કેટિંગ યાર્ડમાં સવારના સમયે હરાજી થઈ હતી. જેમાં ખેડૂતને ઊંચામાં ઊંચા જીરુંના પાકના ૨૦ કિલોના ભાવ આઠ હજાર ત્રણસો રૂપિયા સુધી બોલાયા હતા. જે ભાવ ખેડૂતોએ પણ ધાર્યા ન હતા. ગયા વર્ષે જે જીરુંના પાકના ભાવ ૪૫૦૦થી ૫૦૦૦ રૂપિયા સુધી મળતા હતા. તે જ જીરુંના પાકના ભાવ આ વખતે ૮૦૦૦ રૂપિયા સુધી મળતા જગતનો તાત ખુશ ખુશાલ થઈ ગયો હતો.

આ અંગે ખેડૂતોએ પણ કહ્યું હતું કે, તેમને અગાઉ ક્યારે પણ આટલા ઊંચા જીરૂંના પાકના ભાવ મળ્યા નથી. આટલા સારા ભાવ મળવા પાછળનું કારણ બેડી માર્કેટિંગ યાર્ડના ચેરમેને જણાવ્યું હતું કે, રાજકોટ પંથકમાં જે જીરું થાય છે, તેની ગુણવત્તા ખૂબ જ સારી હોય છે.

# જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા પહોંચેલી વિદ્યાર્થીનીનો આપઘાત

સુરત,તા.૧૦

સમગ્ર ઘટનાની મળતી માહિતી અનુસાર, માંડવીના પુના ગામે રહેતી અને ખેડબ્રહ્મામાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી ૨૦ વર્ષીય ઉર્વશી નવીનભાઈ ચૌધરીનો જુનિયર ક્લાર્કની પરીક્ષામાં સુરત નંબર આવ્યો હતો. જેથી ઉર્વશી ખેડબ્રહ્માથી પોતાના પુના ખાતેના ઘરે આવી હતી. ૯ એપ્રિલે યોજાયેલી પરીક્ષા આપવા માટે ઉર્વશી પુનાથી પોતાના પરીક્ષા કેન્દ્ર જવા માટે બસમાં ગઈ હતી. ઉર્વશીને તેના પિતા નવીનભાઈ બસ સ્ટોપ પર મુકવા પણ ગયા હતા.

ઉર્વશી સુરત જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા માટે સુરત પહોંચી હતી અને આ જ દિવસે સાંજે ૬ વાગ્યાની આસપાસ તેને આપઘાત કરી લીધો હતો. સુરતના બારડોલીના મોરી ગામે આવેલી ગૌચર જમીનમાં તેણે આપઘાત કરી લીધો હતો. જો કે, યુવતીનો મૃતદેહ જે શંકાસ્પદ સ્થિતિ મળી આવતા અનેક પ્રશ્નો ઉભા થાય છે. સમગ્ર આપઘાતના બનાવ અંગે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસને ઉર્વશીના મૃતદેહ પાસેથી ફોન અને તેની બેગ મળી આવી હતી. જે પરથી તે બીએડનો અભ્યાસ કરતી હોવાનું સામે આવ્યુ હતુ. જ્યારે તેના ફોનમાં ૮૦થી ૮૫ મિસ્ડકોલ હતા. ઉર્વશીના આપઘાત અંગે પિતા નવિનભાઈએ જણાવ્યુ હતુ હતું કે, હું માંડવીના પુના ગામનો વતની છું અને મારે ત્રણ સંતાનો છે. ત્રણ સંતાનોમાં ઉર્વશી સૌથી નાની હતી.

# અમદાવાદની નિરમા સ્કૂલે ફીમાં ૩૮%નો વધારો કર્યો

## FRCના વધારા વિના સ્કૂલે ફી વધારી છે અને વાલી મંડળની અરજીના આધારે સ્કૂલ વિરુદ્ધ પગલાં લેવાયા છે, સ્કૂલને નોટિસ ફટકારી છે

અમદાવાદ,તા.૧૦

અમદાવાદની નિરમા સ્કૂલે ક્વાર્ટર ફીમાં ૩૮ ટકાનો વધારો ઝીક્યો છે. નિરમા સ્કૂલે ક્વાર્ટર ફી ૩૧ હજાર રૂપિયા કરી છે. ગત વર્ષે નિરમા સ્કૂલમાં ૨૨ હજાર રૂપિયા ક્વાર્ટર ફી હતી. FRC નિયમ મુજબ સ્કૂલો ૫ ટકાથી વધુ ફી ન વધારી શકે જેને લઈ વાલીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.નિરમા સ્કૂલે ક્વાર્ટર ફી ૨૨ હજારથી સીધી ૩૧ હજાર કરી દીધી છે. FRCના નિયમ મુજબ સ્કૂલો ૫ ટકાથી વધુ ફી વધારી શકે નહી. વાલી મંડળે ફી વધારા સામે વિરોધ નોંધાવ્યો છે. બન્ને વર્ષની ફીની રસીદ સાથે વાલી મંડળે DEOમાં ફરિયાદ કરી છે. વાલીઓ જણાવી રહ્યાં છે FRC નિયમ મુજબ ૫ ટકાથી વધુ ન વધારી શકાય અને સ્કૂલ ૨૨ હજારથી ૩૧ હજાર કરી દીધા છે. નિરમા સ્કૂલના ફી વધારવાના નિર્ણય અંગે DEOનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, FRCના વધારા વિના સ્કૂલે ફી વધારી છે.

# ભાગતા-ફરતા શાર્પ શૂટર અનિલ એન્થોનીને પોલીસે ઝડપી લીધો

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરમાંથી પોલીસને ચકમો આપી ભાગી છુટેલા નામથી ગુનેગાર અનિલ એન્થોનીને પોલીસે વહેલી સવારે ઝડપી પાડ્યો છે. વડોદરાના નામચીન મુકેશ હરજાણી મર્ડર કેસમાં ચર્ચામાં આવેલા અને શાર્પ શૂટર તરીકે ઓળખાતા નામચીન ગુનેગાર અનિલ ઉર્ફે એન્થોની સામે ફાયરિંગ, હુમલા, ખંડણી, ધમકી આપે ડુપ્લીકેટ નોટો જેવા ૪૧ ગુના નોંધાયા છે.

છોટાઉદેપુરના વેપારીને બોગસ ચલણી નોટો આપવાના ગુનામાં જેલમાં ધકેલાયેલા અનિલ એન્થોની મૂળચંદ ગંગવાણી (સ્વાદ ક્વાર્ટર હરણી રોડ)ને ગઈ તા.૨ મે એ વડોદરાની સિવિલ હોસ્પિટલમાં તપાસ માટે લાવવામાં આવ્યો ત્યારે તે પોલીસને નજીકની હોટલમાં લઈ ગયો હતો અને ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

અનિલ વડોદરા છોડી સ્કૂટર પર મધ્યપ્રદેશ તરફ ભાગી છૂટ્યો હોવાની વિગતો ખુલતા વડોદરા પોલીસની ટીમો એક વર્ષથી તેને શોધી રહી હતી. અનિલ આજે સવારે વડોદરાના ખોડીયાર નગર વિસ્તારની પાંજરાપોળ નજીક આવનાર હોવાની વિગતો મળતા પોલીસે વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો.

### કોરોનાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નારદીપુરમાં ૧૩ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ડિંગુચામાં ૩૧ વર્ષીય મહિલા, ૨૫ વર્ષીય મહિલા, ૨૧ વર્ષીય યુવાન અને ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ડિંગુચામાં કોરોનાની છેલ્લી લ્હેરમાં પણ કેસો વધુ નોંધાયા હતા અને સંવેદનશીલ વિસ્તાર બન્યુ હતુ.

પાનસર ગામેથી ૩૧ વર્ષીય મહિલા તેમજ ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રએ સર્વેલન્સને વધુ સઘન કરવા તેમજ ટેસ્ટીંગમાં વધારો કરવા જણાવ્યુ છે.

માણસામાં આજે વધુ ૫ કેસ નોંધાયા છે. માણસામાં જે રીતે કોરોનાના કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ અને ચિંતા વધી છે.

માણસા શહેરમાંથી ૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ બે કેસ મળી આવેલ છે. માણસા શહેરમાંથી સતત કેસો મળી રહ્યા છે. છુટા છવાયા વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે પણ સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

માણસા શહેરમાંથી ૨૫ વર્ષીય યુવાન, ૩૨ વર્ષીય યુવાન અને ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકાના બાપુપુરા પી.એચ.સી. વિસ્તારની હદમાં આવેલ રામપુરા ગામમાંથી ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તો દેલવાડ ગામેથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવાયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૭૫ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં જે રીતે અને જે ગતિએ કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધવા પામી છે. ખાસ કરીને વીસ વર્ષથી ઓછી વયના દર્દીઓ સંક્રમિત કઈ રીતે થઈ રહ્યા છે તેના કારણો તંત્રને હજુ સુધી ખબર પડી શકી નથી.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ અને શહેરના સેકટરોમાં બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં બે સિનીયર સિટીઝન્સ છે. એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાંથી આજે વધુ એક કેસ મળેલ છે. સરગાસણ ગામે ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩-એ-ન્યુ માંથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધી નોંધાયેલા કેસોમાં ૪ દર્દીઓને જ દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૧૨માં ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાંથી બે દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળવાનું શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવાયુ છે.

### મોકડ્રીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યવાહી હાથ ધરવા માટે રાજ્ય આરોગ્ય વિભાગને સૂચના આપવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યના ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,૩૬૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત સરકારી સિવિલ હોસ્પિટલ અને શહેર તેમજ ગ્રામ્ય સ્તરની ખાનગી હોસ્પીટલોમાં બે દિવસીય મોકડ્રીલ યોજાનાર છે.

હાલ રાજ્યમાં કોવિડ-૧૯ અંતર્ગત સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ૧ લાખ ૩ હજાર થી વધુ બેડ ઉપલબ્ધ છે. જે પૈકી ૧૫ હજાર જેટલા આઈ.સી.યુ. અને ૯૭૦૦ જેટલા વેન્ટીલેટર બેડ ઉપલબ્ધ છે.

આ મોકડ્રીલમાં ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ઉપસ્થિત રહ્યા હતા.

### ૪૦ને પાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબીબી સુત્રોએ જણાંવ્યુ છે. વાતાવરણ પલ્ટાના લીધે નગરજનો લાંબા સમયથી વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. જેના લીધે નગરજનો તાવ , શરદી અને ઉધરસ સહીતના વાયરલ બિમારીનો ભોગ બની રહ્યા છે. એકબાજુ કોરોનાએ પણ માથુ ઉંચક્યુ છે ત્યારે મોસમની બદલાતી અસર વચ્ચે નગજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઇ રહી છે. આવા સંજોગોમાં ગરમીથી રક્ષણ મેળવવા માટે દિવસ દરમિયાન કામ સિવાય ઘરની બહાર નહી નિકળવા તેમજ લું ન લાગે તે માટે પણ જરૂરી ઘરેલુ ઉપાયો કરતા રહેવાનુ પણ સલાહભર્યુ હોવાનુ પણ જણાંવાયુ છે.

### રાઈટ ટુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી શૈક્ષણિક સત્રને અનુલક્ષી તા ૩૦ એપ્રિલ સુધીમાં ફોર્મ ચકાસણીની પ્રક્રીયા પુર્ણ કરી દેવાશે. જેને અનુલક્ષી વાલીઓ પણ વિશેષ સજાગ અને જાગૃત બન્યા છે. જયારે આગામી દિવસોમાં ઓનલાઈન પ્રવેશ માટે પણ પ્રક્રીયા શરૂ કરી દેવામાં આવશે. રાઈટ ટુ એજયુકેશન અન્વયે ધો -૧ માં આવકના પ્રમાણને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે. જયારે સરકારે નિયત કરેલી શરતોને આધીન પ્રવેશ પ્રક્રીયા માટે ફોર્મ ભરવાની અને સ્વીકારવાની વ્યવસ્થાના અંતે વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. જયારે ધો - ૮ સુધી વિદ્યાર્થીઓની ફી પણ સરકરા ચુકવે છે.

### પક્ષ નહિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી પંચે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ (NCP), મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને ભારતીય કમ્યૂનિસ્ટ પાર્ટી (CPI) નો રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો પાછો ખેંચ્યો છે. આ સિવાય આમ આદમી પાર્ટી માટે સારા સમાચાર છેકે હવે તેને રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મળી ગયો છે. અત્રે જણાવવાનું સ્થાનિક પક્ષોમાં ચૂંટણી પંચે ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) અને રાષ્ટ્રીય લોક દળ (RLD) પાસેથી પ્રાદેશિક પક્ષનો દરજ્જો પાછો ખેંચ્યો છે.

### ઝાડ પડતાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકત્ર થયા હતા. એ સમયે ભારે પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જેના કારણે જૂનું ઝાડ ટીન શેડ પર પડ્યું હતું. જેની નીચે લગભગ ૪૦થી પણ વધુ લોકો હતા. જિલ્લા અધિકારીએ જણાવ્યું કે, શેડની નીચે ૪૦થી પણ વધુ લોકો એકત્ર થયા હતા. જેમાંથી ૩૬ લોકો ઘાયલ થતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ચાર લોકોનાં મોત નીપજ્યા હતા. એ પછી મૃત્યુઆંક વધ્યો હતો અને તે સાતે પહોંચ્યો હતો. એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. તો આ દુર્ઘટના બાદ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે પોતાનો શોક વ્યક્ત કર્યો હતો. ડેપ્યુટી સીએમે કહ્યું કે, કેટલાંક ઘાયલ લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જે લોકોને સામાન્ય ઈજા પહોંચી છે તેઓની સારવાર બાલાપુરમાં ચાલી રહી છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સીએમ રાહત કોષ અને રાજ્ય સરકાર દ્વારા પીડિતોના પરિવારને આર્થિક મદદ કરવાની જાહેરાત પણ કરી છે.

### ચોમાસુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મધ્યમ સકારાત્મક હોવા તરફ નમી રહ્યું છે. અલ નીનો અને આઈઓડીના બહાર થવાની શક્યતા છે અને માસિક વરસાદમાં વધારે ફેરફાર થઈ શકે છે. સિઝનનો બીજો ભાગ વધારે અસામાન્ય રહેવાની આશા છે.

ભૌગોલિક સંભાવનાઓના સંદર્ભમાં હવામાન એજન્સીને આશા છે કે દેશના ઉત્તર અને મધ્ય ભાગમાં વરસાદની અછત રહેવાનું જોખમ પેદા થશે. ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જુલાઈ અને ઓગસ્ટના મુખ્ય મોનસૂન મહિનાઓ દરમિયાન અપૂરતો વરસાદ થશે.

### સૂર્યગ્રહણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કુંડલાકાર સૂર્યગ્રહણમાં ચંદ્ર સૂર્યની વચ્ચોવચ આવીને રોશનીને રોકે છે. એવી સ્થિતિમાં સૂર્યની ચારે તરફ ચમકદાર રોશનીનો ગોળો બની જાય છે અને વચ્ચે અંધારૂ થઈ જાય છે. આને રિંગ ઓફ ફાયર પણ કહેવામાં આવે છે. આ સ્થિતિ કુંડલાકાર સૂર્ય ગ્રહણ કહેવાય છે.

જ્યારે પૃથ્વી, સૂર્ય અને ચંદ્ર એક દિશામાં હોય છે ત્યારે પૃથ્વીનો એક ભાગ સંપૂર્ણરીતે અંધારામાં ડૂબી જાય છે. આ સ્થિતિને પૂર્ણ સૂર્યગ્રહણ કહેવામાં આવે છે.

આંશિક, પૂર્ણ અને કુંડલાકાર સૂર્યગ્રહણનું મિશ્રણ જ હાઈબ્રિડ સૂર્યગ્રહણ કહેવાય છે. આવી સ્થિતિ લગભગ ૧૦૦ વર્ષમાં એક વાર જોવા મળે છે. આ સૂર્યગ્રહણ દરમિયાન ચંદ્રનું પૃથ્વીથી વધારે કે ઓછુ અંતર હોતુ નથી. આ સૂર્યગ્રહણ દરમિયાન સૂર્ય અમુક સેકન્ડ માટે રિંગ જેવી આકૃતિ બનાવી લે છે. જેને રિંગ ઓફ ફાયર કહેવામાં આવે છે.

### લેન્ડ કરવું પડ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. તેમાં યાત્રીએ ઉપદ્રવ કરી દીધો હતો. તેણે મૌખિક અને લેખિતમાં પણ અપાયેલી ચેતવણીની અવગણના કરી અને હોબાળો મચાવવાનું ચાલુ રાખ્યું હતું. તેણે કેબિન ક્રૂના સભ્યો સાથે ઝપાઝપી પણ કરી હતી જેમાં બેને ઈજા થઈ હતી. પછી વિમાનને દિલ્હી એરપોર્ટ પર ફરી લેન્ડ કરાવાયું અને તેને સુરક્ષાકર્મીઓને સોંપી દેવાયો હતો. તેની સામે એફઆઈઆર પણ નોંધવામાં આવી છે.